C.C.No.:-100894/1998

**ક્રિમીનલ કેસ નંબરઃ–૧૦૧૨૩૧/૨૦૦૧**

## આંક–૧ લગત હુકમ

(૧) ફરીયાદી દ્રારા હાલની ફરીયાદ તા.૦૯.૦૮.૨૦૦૧ના રોજ જંતુનાશક દવા અધિનીયમની કલમ–૧૯(૧)(ખ) વિગેરે અન્વયે દાખલ કરવામાં આવેલી છે. સદર કેસ દાખલ થયા બાદ સને–૧૯૯૮ બાદ આરોપીને અનેક વખત પ્રોસેસ ઈસ્યુ કરવામાં આવવા છતા આજદિન સુધી આરોપીને સમન્સની બજવણી થયેલી નથી તેમજ કેસનું રેકર્ડ વંચાણે લેતા આરોપીને ફરીયાદી મારફતે પ્રોસેસની બજવણી માટેના પ્રયત્નો કરવા છતા પણ ફરીયાદ પક્ષ આરોપીને પ્રોસેસની બજવણી કરાવી શકેલ નથી. વધુમાં સદર કામે ફરીયાદીને પણ કેસની કાર્યવાહી આગળ ચલવવા સારૂ અનેક વખત નોટીસો કરવા છતા ફરીયાદ પક્ષ તરફે કોઈ હાજર થયેલ હોય તેવું જણાઈ આવતું નથી. આ કામમાં ફરીયાદપક્ષ દ્રારા આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવા માટે જરૂરી કાર્યવાહી પણ ઘણા સમયથી કરવામાં આવેલી નથી. આ કામના ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી હાજર રહેતા નથી કે તેમની ગેરહાજરી અંગે રીપોર્ટ કે અરજી રજુ નથી.

(૨) આમ, ફરીયાદ પક્ષે કોર્ટમાં હાજર રહીને કેસની કાર્યવાહી સક્રીયપણે આગળ ચાલે તેવા કોઈ જ પ્રયાસ કરેલા નથી તેવું કેસના રેકર્ડ ઉપર થી જણાઈ આવે છે.સદર ફરીયાદ દાખલ થયા બાદથી આજદિન સુધી બજવણીના તબકકે છે અને કામ બજવણીના તબકકે હોવા ના કારણ માત્રથી ફરીયાદી નામ. કોર્ટમાં હાજર ન રહે અને કોઈપણ જાતની પ્રોસેસ બજાવવાની કાર્યવાહી ન કરાવે તે ઈચ્છનીય નથી. સદર કેસનું રેકર્ડ વંચાણે લેતા ફરીયાદની ગેરહાજરીમાં ફરીયાદીના વિ.વ.શ્રીએ હાજર રહીને આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવા માટે જરૂરી કાર્યવાહી કરવા કે આરોપી નું સરનામું રજુ કરવાનો સક્રીય રહીને કોઈ પ્રયાસો કરેલો હોય તેવું રેકર્ડ ઉપરથી જણાઈ આવતું નથી. આમ, જો ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કેસની કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય અને કેસની કાર્યવાહી આગળ વધારવા માટે કોઈ સક્રીય પ્રયાસ કરતા ન હોય તો ફરીયાદ પક્ષની બેદરકારી ગણાય અને ફરીયાદીની બેદરકારીના કારણે ફરીયાદીની ફરીયાદ રદ્દ થવા પાત્ર છે.

(૪) આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ ફરીયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કેસની કાર્યવાહીમાં હાજર રહેલા નથી કે આરોપી સામે પ્રોસેસ ઈસ્યુ કરવા જરૂરી કાર્યવાહી કરેલી નથી કે આરોપીને સમન્સની બજવણી થાય તેવા કોઈ પ્રયત્નો કરેલા નથી કે આરોપીનું સરનામુ રજુ કરવા માટે પણ કોઈ પ્રયત્નો કરેલા નથી જે હકીકતો ધ્યાને લેતા તેમજ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪(૪) અને કલમ–૨૫૬ વંચાણે લેતા હાલની ફરીયાદ ફરીયાદીની કસુરના કારણે રદ્દ કરવાને પાત્ર હોય ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::: હુકમ :::**

➤ ફરીયાદીની ગેરહાજરી તથા આરોપીને પ્રોસેસ ની બજવણીના અભાવે હાલની ફરીયાદ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૦૪(૪) અને કલમ–૨૫૬ અન્વયે રદ્દ કરવામાં આવે છે તથા આરોપીને તેની સામેના જંતુનાશક દવા અધિનીયમની કલમ–૧૯(૧)(ખ) વિગેરે અન્વયેના તહોમતમાંથી નિર્દોષ ઠરાવીને છોડી મુકવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૧મી માહે ફેબ્રુઆરી સને–૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૧૧.૦૨.૨૦૨૩
મુ.સુરત

બીજા એડી. જયુડી. મેજી. ફ.ક.,
સુરત